# જિલ્લામાં ડીઝલના વધતા ભાવથી ખેતી વધુ મોંઘી, ખર્ચ બમણો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

વર્તમાન સમયમાં ડીઝલના વધતા જતા ભાવથી ખેડૂતો કફોડી સ્થિતિમાં મૂકાયા છે. ડીઝલના ઉંચા ભાવથી ખેતી વધુ મોંઘી બની છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં નાના સીમાંત અને જમીન ભાડે ખેડાવનારા ખેડૂતોને ઈંધણના ભાવ વધારાથી આર્થિક ફટકો પડ્યો છે. ડીઝલના ભાવ વધારાના કારણે ૧ વિઘો જમીન ખેડવાનો ખર્ચ બમણો થઈ ગયો છે જેથી ખેડૂતોને ખેતીનો વ્યવસાય છોડી દેવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. ટ્રેક્ટરથી ખેડ કરનારાઓએ પણ ડીઝલના ભાવ વધારા પછી ખેડના ભાવમાં વધારો કર્યાનું ખેડૂતો બોલી રહ્યા છે. આ તમામ સ્થિતિમાં ખેડૂતોની આવક જ્યારે વધશે ત્યારે વધશે પરંતુ હાલ તો ખેતીનો ખર્ચો બમણો થઈ ગયો છે.

**સીમાંત ખેડૂતોની હાલત કફોડી, જમીન ભાડે ખેડાવનાર વ્યથિત**

રાજ્ય સરકાર ખેડૂતોની આવકમાં વધારો થાય તેવા પ્રયત્નમાં છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખાતર, બિયારણ અને હવે ડીઝલ મોંઘું થતાં ખેડૂતોની કમર તૂટી જાય તેવી સ્થિતિ પેદા થઈ છે. ખેડૂતોએ બળદ અને હળ દ્વારા ખેતી કરવાના બદલે હવે યાંત્રિક મશીનરીથી ખેતી તરફ વળ્યા છે. પરંતુ ડીઝલના ભાવ વધારા પછી ખેડાણના ભાવ વધી ગયા છે જેના કારણે નાના સીમાંત ખેડૂતોને ખેતી કરવી પણ ન પરવડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. અત્યારે ડીઝલનો ભાવ લીટર દીઠ રૂા.૮૮.૭૧ સુધી પહોંચી ગયો છે. આગામી સમયમાં ભાવ ઘટે તેવા કોઈ સંકેત દેખાતા નથી. જે ખેડૂતો પાસે ઓછી જમીન છે તેઓ ટ્રેક્ટર ખરીદવા માટે સક્ષમ ન હોવાથી તેઓ ભાડે જમીન ખેડાવી ખેતી કરી રહ્યા છે. ડીઝલના ભાવ વધારા અગાઉ ૧ વિઘા ખેડનો ભાવ રૂા.૨૫૦ હતો જે આજે ભાવ ડીઝલના ભાવ વધવાથી રૂા.૪૫૦ થી ૫૦૦ જેટલો બોલાઈ રહ્યો છે. બટાકા અને ઘઉં સહિતના પાકના વાવેતર માટે ખેડૂતને ઓછામાં ઓછી ૩ થી ૪ ખેડ કરાવવી પડે છે. બીજી તરફ પ્લાઉ મારવાનો ભાવ પણ ઉંચકાયો છે. અગાઉ ૧ વિઘામાં પ્લાઉનો ખર્ચ ૬૦૦ રૂા. હતો જે આજે વધીને ૧૦૦૦ આસપાસ પહોંચ્યો છે. છેલ્લા ૨-૩ સપ્તાહથી આ સ્થિતિ ઉભી થઈ છે. ડીઝલમાં સતત ભાવ વધારો થતો હોવાથી ટ્રેક્ટરના માલિકો દ્વારા ખેડનો ભાવ બમણો કરી દેવામાં આવ્યો છે. જે રીતે જમીન ખેડવાના ભાવમાં વધારો થઈ રહ્યો છે તે જોતાં નાના ખેડૂતો ખેતીથી મોં ફેરવી લે તેવી સ્થિતિ પેદા થઈ છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર ડીઝલના ભાવ વધ્યા પછી ખેડાણ માટે ઉંચો ભાવ ખેડૂતોને પોષાય તેમ નથી પરંતુ મજબૂરી વશ આ ખર્ચ કરવાનો વારો આવ્યો છે. ખેડની સાથે જો પાક ઉપજના ભાવ નહીં વધે તો નાના ખેડૂતો માટે ખેતી કરવી મુશ્કેલ બની જશે.

# નવી લહેર : સરડોઈમાં કોરોના પોઝિટિવ કેસ, સર્વે શરૂ

## કોરોનાની ગાઈડલાઈન ભૂલાતાં સ્થિતિ વણસે તેવી દહેશત

સરડોઈ, તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ પૂરો થયા પછી કોરોનાના નવા કેસ બહાર આવતાં આરોગ્ય તંત્ર ઉંધા માથે પટકાયું છે. મોડાસા તાલુકાના સરડોઈના સોની ફળીયામાં કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્ય વિભાગ દ્વારા તાબતોબ ઘેર..ઘેર સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યું છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાય ત્યાં તંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવતો હોય છે પરંતુ ગામમાં સોની ફળીયામાં રહેતાં વૃદ્ધા




કોરોના પોઝિટિવ થયા પછી તંત્રએ ભાંગરો વાટ્યો હોય તેમ સરડોઈની રહેવર ફળીને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કર્યાના અહેવાલો સોશ્યલ મીડીયામાં ફરતા થતાં ગુચવાળો ઉભો થયો છે. પોઝિટિવ કેસ બહાર આવતાં સગા-સબંધીઓના ફોનની ઘંટડીઓ રણકવા લાગી હતી. આરોગ્ય વિભાગ દ્વારા હજુ પણ ગામડાઓમાં યોગ્ય તકેદારી રાખવામાં નહીં આવે તો કોરોનાનું સંક્રમણ હાવિ થવાની દહેશત છે.

જિલ્લામાં ગત માર્ચ મહિનામાં કોરોનાએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં હાહાકાર મચાવી દીધો હતો. વર્ષ બદલાતાં સંક્રમણ ક્રમશઃ ઘટ્યું હતું પરંતુ અનલૉક પછી સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કના નિયમો અભરાઈએ મૂકાઈ જતાં ફરીથી સંક્રમણે માથું ઉંચક્યું છે તેમાંય સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પછી કોરોનાની બીજી લહેર શરૂ થઈ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નવેસરથી પોઝિટિવ કેસની સંખ્યામાં વધારો થતો જાય છે. મોડાસા તાલુકાના સરડોઈની સોની ફળીમાં રાજપૂત પરિવારનાં વૃદ્ધા બિમારીમાં સપડાતાં તેમને સારવાર માટે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા પછી રિપોર્ટ પોઝિટિવ આવતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે. સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ.એસ.બી.ચારણના માર્ગદર્શન હેઠળ સ્થાનિક આરોગ્યની ટીમોએ સોની ફળીયા સહિતના વિસ્તારોમાં ઘેર..ઘેર જઈ સર્વેલન્સ શરૂ કર્યું છે. સંક્રમિત વૃદ્ધાના નિકટના પરિવારના ૪ સભ્યોના આરોગ્ય વિભાગે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાવવાની તૈયારીઓ હાથ ધરી છે. ગામમાં કોરોના કાળની શરૂઆતમાં પણ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા પછી હવે નવી લહેરમાં પણ પોઝિટિવ કેસ બહાર આવતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં તંત્રએ કાચુ કાપ્યું

મોડાસા તાલુકાના સરડોઈમાં કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા તંત્રએ સોની ફળીયામાં પોઝિટિવ કેસ નોંધાયો હોવા છતાં ગામની રહેવર ફળીને કન્ટેન્ટમેન્ટ ઝોન એરીયા જાહેર કરતાં ગુંચવાળો ઉભો થયો હતો. સોશ્યલ મીડીયામાં ફરતા થયેલા અહેવાલોમાં જિલ્લા કલેક્ટરે રહેવર ફળીના પ્રતિબંધિત વિસ્તારની આસપાસ ૫ કી.મી. સુધીનો વિસ્તાર બફરઝોન તરીકે જાહેર કરતાં કોરોનાની નવી લહેરમાં તંત્રએ કાચુ કાપતાં આ મુદ્દો ટોક ઓફ ધ વિલેજ બની રહ્યો છે.




# ઈડર-૧ પ્રાથમિક શાળા ખાતે માતૃવંદના કાર્યક્રમ યોજાયો



નેત્રામલી, તા. ૧૦

રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ ગુજરાતના ઉપક્રમે ઈડર તાલુકાનો આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે 'માતૃશક્તિ વંદના કાર્યક્રમ ઈડર-૧' પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ઈડર અને સમગ્ર શાળા પરિવાર દ્વારા ઉત્સાહભેર યોજાયો. આ કાર્યક્રમમાં સફાઈ કામદાર,કોરોના વૉરિયર્સ એવા આરોગ્ય કર્મચારી બહેનશ્રીઓ,સ્નાતક બહેનો, વૉરિયર્સ એવા પોલીસ કર્મચારી બહેનશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ રહી. કાર્યક્રમ અંતર્ગત સમગ્ર શાળા માતૃશક્તિ બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.ઉપસ્થિત સફાઈ કામદાર બહેનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરિવારની શક્તિ એવી સર્વે વંદનીય બહેનો,પોલીસ કર્મચારી બહેન અને આરોગ્ય કર્મચારી બહેનશ્રીઓનું સન્માન ઈડર-૧ શાળાના આચાર્યશ્રી પ્રવિણસિંહ, રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના અધ્યક્ષશ્રી હિતેશભાઈ પટેલ અને મંત્રી હાર્દિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના ઉપક્રમે ઈડર તાલુકાનો માતૃવંદના કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી પ્રવિણસિંહ અને રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ ઈડર અધ્યક્ષ હિતેશભાઈ પટેલની રાહબરી હેઠળ કાર્યક્રમ સંપૂર્ણ સફળ રહ્યો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ પટેલ દ્વારા થયું હતું.કાર્યક્રમના અંતે આભારવિધિ હાર્દિકભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# સારા માણસની જગ્યાએ મારા માણસને ગોઠવવાની પ્રથા બંધ કરીશું

## મોડાસા નાગરિક બેન્કનો ચૂંટણી જંગ, વાઘ પેનલને મળતો ભરપૂર આવકાર : સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગની જેમ વાઘ પેનલનું બુલ્ડોઝર ફરી વળશે, મતદારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

મોડાસાની ધી મોડાસા નાગરિક સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે આગામી રવિવારે મતદાન યોજાવવાનું છે ત્યારે વાઘના ચિન્હવાળી નાગરિક પેનલના ૮ ઉમેદવારોને મળી રહેલા ભરપુર આવકારથી સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગની જેમ વાઘ પેનલનું બુલ્ડોઝર ફરી વળશે તેમ મતદારોએ જણાવ્યું છે. મોડાસા નાગરિક બેન્કમાં અત્યાર સુધી સારા માણસોની જગ્યાએ મારા માણસોને ગોઠવવાનું ચાલતું હતું પરંતુ વાઘ પેનલના તમામ ઉમેદવારોએ મતદારો અને સભાસદોને હૈયાધારણા આપી છે કે તેમની પેનલની બહુમતી આવશે તો મારા માણસને ગોઠવવાની પ્રથા બંધ કરીશું.

તાજેતરમાં યોજાયેલા સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં મતદારોએ મામકાઓને ગોઠવનારા પરિવારવાદનો અછેડો ઓઢનારાઓને ઘર ભેગા કરી હવે




સૌનું કલ્યાણ ઈચ્છે તેવા ઉમેદવારોને જીત અપાવી છે. એક રીતે નવરચિત અરવલ્લી જિલ્લામાં ૫ વર્ષ પછી અનોખો પરીવર્તનનો પવન જોવા મળ્યો છે ત્યારે ધી મોડાસા નાગરિક સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટેની ચૂંટણી જાહેર થતાં મોડાસા શહેરમાં ગરમાવો આવ્યો હતો. જાણીતા બિલ્ડર અને મોડાસા નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન કમલેશ પટેલ, પૂર્વ મેનેજીંગ ડિરેક્ટર અશોક ભાવસાર, જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ.દિપક ખીલવાણી સહિતના ઉમેદવારોએ વાઘના ચિન્હવાળી નાગરિક પેનલ બનાવી સમસ્ત ઈતર સમાજની પેનલ લઈને મેદાનમાં ઉતર્યા છે. પ્રથમવાર હરીફોને જીત માટે ફાંફાં પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. નાગરિક પેનલના ઉમેદવાર અને મોડાસા નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે જે રીતે અમારી પેનલના ઉમેદવારોને વ્યાપક આવકાર મળી રહ્યો છે તે જોતાં બેન્કના મતદારો મજબૂત નેતૃત્વ હશે તો જ બેન્ક મજબૂત બનશે તે સમજી ચૂક્યા છે. આ સંજોગોમાં તા.૧૪ માર્ચે યોજાનારી ચૂંટણીમાં નાગરિક પેનલનો વિજય થશે તેમ જણાવ્યું છે.

# જિલ્લા કન્ઝ્યુમર કોર્ટના ન્યાયાધીશનો વિદાય સમારંભ યોજાયો...



ગાંભોઈ, તા.૧૦

સાબરકાંઠા જિલ્લા કન્ઝ્યુમર કોર્ટના ન્યાયાધીશ શ્રી કે.બી.મઘનાની ની નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામુ આપતા કન્ઝ્યુમર એડવોકેટ એસોસિએશન હિંમતનગરના પ્રમુખશ્રી સોહમ વી.જાની તથા ઉપપ્રમુખશ્રી ચંદ્રકાન્ત એસ.પંડ્યાની ઉપસ્થિતમાં હિંમતનગર ખાતે ગત સોમવારના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સિનિયર ધારાશાસ્ત્રી શ્રી એમ. એચ.સુતરિયા, એ.જે.જોષી, એસ.જે. પ્રજાપતિ, અંકિત પટેલ, જે.ડી.રાજ, જેઠાભાઈ વકીલ, એડવોકેટ બી.બારોટ, વી.પી. સોલંકી અગાઉના સભ્ય જજ સંગીતાબેન પટેલ, નાયબ મામલતદારશ્રી એમ.વી.પ્રજાપતિ તેમજ કન્ઝ્યુમર કોર્ટ સ્ટાફ વગેરે ઉપસ્થિત રહી વિદાય લઈ રહેલ ન્યાયાધીશશ્રી કે.બી.મઘનાનીને ફુલહાર તેમજ મોમેન્ટોથી સન્માન કરી ફરજ દરમ્યાન આપેલ સેવાઓને બિરદાવી હતી.

# શહેરની શોભા-રોનકમાં વધારો કરતા ફુવારાની મરામત કરવા માટે તંત્ર મોડે-મોડે પણ જાગ્યું ખરું?

## હિંમતનગર આરટીઓ સર્કલ પાસેના લાંબા સમયથી બંધ ફુવારા ફરી શરૂ કરવામાં આવતા શહેરની રોનકમાં વધારો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૦

હિંમતનગર શહેરના પ્રવેશદ્વાર સમા આરટીઓ સર્કલ પાસેના ઘણા લાંબા સમયથી બંધ રહેલા ફૂવારાને ફરીથી શરૂ કરવામાં મોડે-મોડે પણ વહીવટી તંત્રએ તસ્દી લેતાં શહેરની રોનક માં વધારો થવા પામ્યો છે



ઈડર - હિંમતનગર - વિજાપુર બાયપાસ હાઈવેને જોડતા મુખ્ય આરટીઓ સર્કલ પાસેના ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં રહેલા ફુવારાનુ સમારકામ કરી ફરીથી શરૂ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા મોડે મોડે પણ તસ્દી લેવામાં આવી છે જેથી હિંમતનગર શહેરના મુખ્ય પ્રવેશદ્વાર સમા આરટીઓ સર્કલ ની શોભા માં વધારો થવા પામ્યો છે જો કે , હવે એ જોવું રહ્યું કે ? આ ફુવારા કેટલા સમય સુધી ચાલુ રહેશે એ તો સમય જ બતાવશે... !

# આનંદપુરા વસાહત ખાતે ઝાડ ઉપરથી યુવાન પટકાતાં મોત

નેત્રામલી, તા. ૧૦

ઈડર તાલુકાના આનંદપુરા નવી વસાહત (રૂદરડી) ખાતે તારીખ ૯/૩/૨૧ ને મંગળવારના રોજ સાંજે ગામના રહેવાસી ચૌહાણ મંગાભાઈ કેશાભાઈ ઉ.વર્ષ ૪૫ પોતાના પશુધન માટે ઘાસચારો લેવા માટે સિમાડામાં આવેલા લીમડાના ઝાડ ઉપર ચડ્યા હતા પણ આકસ્મિક ઝાડ ઉપરથી ડાળુ તૂટતાં યુવાન નીચે પટકાયો હતો અને સારવાર અર્થે જાદર સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં તબિબે મૃત જાહેર કર્યો હતો.

# મંગલપુરના અન્નપુર્ણા મંદિરમાં તસ્કરો ત્રાટક્યા : દાનપેટીમાંથી રૂા.૧૦ હજારની રોકડ ચોરાઈ

## પોલીસની નિષ્ક્રિયતાથી દેવમંદિરો અસલામત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લીમાં પોલીસની નિષ્ક્રિયતાથી હવે અસલામત બન્યાં છે. માલપુર તાલુકાના મંગલપુરમાં ગત રાત્રે ત્રાટકેલા તસ્કરોએ અન્નપૂર્ણા મંદિરના દરવાજાનાં તાળાં તોડી દાનપેટીમાંથી રૂા.૮ થી ૧૦ હજારની રોકડ રકમ ચોરી પલાયન થઈ જતાં ચકચાર મચી છે. મોંડી રાત્રે ત્રાટકેલા તસ્કરોએ ચોરીના બનાવને અંજામ આપતાં સવારે મંદિરમાં દર્શને આવેલા શ્રદ્ધાળુઓ દરવાજાનું તાળુ તૂટેલું જોઈ ચોંકી ઉઠ્યા હતા. બનાવ અંગે માલપુર પોલીસે અરજીના આધારે નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોક્કસ તસ્કર ટોળકી સક્રીય થઈ છે. હમણાં સુધી તસ્કરો રહેણાંક મકાનોને નિશાન બનાવતા હતા પરંતુ હવે આસ્થાના કેન્દ્ર સમા દેવમંદિરો પણ તસ્કરોના તરખાટથી અસલામત બન્યા છે. તાલુકાના મંગલપુરમાં અન્નપૂર્ણા માતાજી મંદિરમાં તા.૯ની રાત્રે ત્રાટકેલા તસ્કરોએ મંદિરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી નાખ્યું હતું અંદર પ્રવેશેલા તસ્કરોને અન્ય મત્તા હાથ લાગી ન હતી પરંતુ દાનપેટીને તોડી તસ્કરો અંદરથી રૂા. ૮ થી ૧૦ હજારની રોકડ રકમ ચોરી ગયાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરવામાં આવી છે મંદિરમાં તસ્કરો ત્રાટક્યા હોવાની જાણ થતાં સવારે મંદિર આગળ શ્રદ્ધાળુઓનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. બનાવ અંગે દિનેશ ડાહ્યાભાઈ પટેલે માલપુર પોલીસને તસ્કરીની જાણ કરી છે.

## જન્મદિને વધામણી



પટેલ આરવ વિજયભાઈ લીંબ, બાયડ



પ્રજાપતિ મિત સુરેશભાઈ સરસોલી, બાયડ



પ્રજાપતિ મિલન સુરેશભાઈ સરસોલી, બાયડ

# મોડાસાની સરસ્વતી બાલમંદિરમાં સ્વદેશી જાગરણ મંચનું પ્રાંત સંમેલન યોજાયું

મોડાસા, તા. ૧૦

૧૯૯૧થી સ્થાપના સ્વદેશી જાગરણ મંચ થઈ ત્યારથી સ્વદેશી અપનાવો દેશ બચાવોની મુનીમ નો નારો સ્વદેશી જાગરણ મંચ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે આજે કેન્દ્ર સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત ની યોજના માં મહત્વની ભૂમિકા સ્વદેશી જાગરણ મંચ રહેલી છે મોડાસા શહેરની સરસ્વતી બાલ મંદિરમાં સ્વદેશી જાગરણ મંચનું પ્રાંત સંમેલન યોજાયું હતું જેમાં રાજ્યભરમાંથી સ્વદેશી જાગરણ મંચ સાથે જોડાયેલા કાર્યકર ભાઈ-બહેનો ઉપસ્થીત રહ્યા હતા.




મોડાસા શહેરમાં આવેલ સરસ્વતી બાલ મંદિર હોલમાં સ્વદેશી જાગરણ મંચનું પ્રાંત સંમેલન પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતું જેમાં સ્વદેશી જાગરણ મંચના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ. અશ્વિન મહાજન, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સતીષજી,ગુજરાત પ્રાંત સંયોજક રમેશ દવે,પ્રાંત સંયોજક ચૈતન્ય ભટ્ટ, પ્રાંત પ્રચાર-પ્રસાર સંયોજક નિલેષ જોષી, વિવિધ સંગઠનોના સંયોજકોની હાજરીમાં દેશની અર્થવ્યવસ્થા, દેશના લઘુઉદ્યોગો, રોજગારી બાબતે ખેતીમાં રાસાયણીક ખાતરના ઉપયોગ બંધ કરી ઓર્ગેનિક ખેતી તરફ કેવી રીતે ખેડૂત સમાજ સાથે વાત કરવી જેવા વિવિધ વિષયો વિશે ચર્ચા કરવામાં આવી હતી આગામી સ્વદેશી જાગરણ ભૂમિ દિને દરેક જિલ્લાઓમાં ભૂમિપૂજનના કાર્યક્રમ અને દિલ્હી સ્થીત નવનિર્માણ થઈ રહેલ સ્વદેશી જાગરણ ભવન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વદેશી જાગરણ મંચના સુરેન્દ્રસિંહ રાઠોડ, ધર્મેન્દ્ર ત્રિવેદી,વિનોદ પટેલ રમણભાઈ સુતરીયા દ્વારા કરવામાં આવી હતી.

# અરવલ્લીની પ્રાથમિક શાળામાં કોરોનાનો પગપેસારો

મોડાસા, તા. ૧૦

કોરોનાનું સંક્રમણ ઘટતા સમગ્ર રાજયમાં તબક્કા વાર સ્કૂલોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહીત શાળાના સ્ટાફમાં કોરોના પોઝેટીવ કેસ ધીરે ધીરે વધી રહ્યા છે અરવલ્લી જીલ્લામાં શાળાઓ રાબેતા મુજબ શરૂ થઈ ચુકી છે. સ્થાનિક સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ દરમ્યાન ચારેકોર જામેલી ભીડ,ગાઈડ લાઈનનો સંદતર ભંગ અને લગ્ન સીઝનને લઈ કોરોનાનું સંક્રમણ વકરી રહયું છે.જીલ્લાની પ્રાથમીક શાળામાં પગપેસારો કરતા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફફડાટ ફેલાયો છે ધનસુરા તાલુકાની પાંચ કુહાડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનામાં સપડાતા શાળાનું શૈક્ષણિક કાર્ય તાબડતોડ સ્થગીત કરી દેવામાં આવ્યું છે આરોગ્ય તંત્રએ સર્વેની કામગીરી હાથધરી હતી



ધનસુરા તાલુકાના બુટાલ ગામના અને પાંચ કુહાડાની પ્રાથમીક શાળામાં અભ્યાસ કરતા ધો.૮ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતા શાળામાં અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો ચિંતિત બન્યા છે કોરોનાગ્રસ્ત બનેલા વિદ્યાર્થીને સારવાર અર્થે દવાખાને ખસેડાયો છે પાંચ કુહાડા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓએ સ્વૈચ્છીક પોતાના બાળકોને અભ્યાસ કરવા નહીં મોકલવાનો નિર્ણય કર્યો હતો કોરોનામાં વિદ્યાર્થી સપડાતા પાંચ કુહાડા શાળા ફરીથી સુમસામ બની હતી પ્રાથમીક શાળામાં કોરોનાના પગપેસારાના પગલે વાલીઓ અને શિક્ષકો ચિંતીત બન્યા છે જિલ્લામાં વકરતા સંક્રમણને અટકાવવા તંત્ર હરક્તમાં આવે ને જરૂરી છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં તંત્રની ઉદાસીનતા અને રાજકીય પક્ષો,ઉમેદવારો અને ટેકેદારો દ્વારા દાખવવામાં આવેલા સરેઆમ બેદરકારી ને લઈ કોરોના વાયરસને મનગમતું મેદાન મળી રહયું હોય એમ રાજયની જેમ જ હવે જિલ્લામાં કોરોના વકરી રહયો છે. કોરોનાગ્રસ્ત દર્દીઓનો ગ્રાફ સતત વધી રહ્યો હોવાથી લોકોમાં ફફડાટ ફેલાયો છે અત્ર ઉલ્લેખનીય છે કે કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે ધંધાર્થીઓ,ફેરિયાઓ અને લોકો માસ્ક પણ પહેરતા નથી સોશ્યલ ડીસ્ટન્સનો પણ અભાવ જોવા મળી રહ્યો છે